# ગ્રંથાલય પુસ્તકો ડોરસ્ટેપ ડિલિવરી સેવાના નિયમો

ગ્રંથાલયની ડોરસ્ટેપ ડિલિવરી સેવાનો સરળ, ન્યાયસંગત અને કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે તમામ સભાસદોએ નીચે જણાવેલ નિયમોનું પાલન કરવું આવશ્યક છે:

---

## 1. પાત્રતા

- ફક્ત વિદ્યાપીઠ ગ્રંથાલયના સભ્યપદ ધરાવતા હોય તેવા જ વાચકોને આ સેવાનો લાભ મળશે
- **સભાસદોએ સચોટ અને અપડેટ કરેલ સંપર્ક વિગત તેમજ ડિલિવરી સરનામું** આપવું આવશ્યક છે.

---

## 2. ડોરસ્ટેપ ડિલિવરી માટે નોંધણી

- વાચકોએ ગ્રંથાલયની વેબસાઇટ મારફતે ડોરસ્ટેપ ડિલિવરી માટે નોંધણી કરાવવી ફરજીયાત છે.
- નોંધણી બાદ ( ઈ-મેલ/ એસ.અમ.એસ) દ્વારા સભાસદને મંજુરીની તેમજ ડીલીવરી ચાર્જ અંગે જાણ કરવામાં આવશે.

---

## 3. વિનંતી અને ડિલિવરી પ્રક્રિયા

- એક સમયે **સભાસદ** વધારે માં વધારે **5 પુસ્તકોની મર્યાદામાં ડીલીવરી કરાવી શકશે.**
- વાચકની માંગણી બાદ પેમેન્ટ થયા બાદ બે દિવસે પુસ્તક મળી શકશે.
- ડિલિવરી સેવા **માત્ર અમદાવાદ અને ગાંધીનગર શહેરની મર્યાદામાં** ઉપલબ્ધ છે.
- પુસ્તકોની ડિલિવરી **સવારે 10:00 થી સાંજે 5:00** દરમિયાન કાર્યદિવસોમાં કરવામાં આવશે.
- **સભાસદની હાજરી** ડિલિવરી સમયે જરૂરી છે.
- ડીલીવરી ચાર્જ પુસ્તકની સંખ્યા તેમજ પુસ્તકોના વજન પર થશે.

---

## 4. ઇસ્યુ અને રિન્યુઅલ સમયગાળો

- ડિલિવરી થયેલ દરેક પુસ્તક માટે **14 દિવસ માટે ઇસ્યુ કરવામાં આવશે.**
- સમયમર્યાદા પૂર્ણ થતાં પહેલાં પુસ્તક પરત કરવું ફરજિયાત છે.
- **રિન્યુઅલ** માટે online અરજી મુદત પૂર્ણ થયાના એક દિવસ પહેલા અરજી કરીને ઉપલબ્ધતા અનુસાર મંજૂરી મળી શકશે.

---

## 5. પરત કરવાનાં નિયમો

પુસ્તકો નીચે મુજબ પરત કરી શકાશે

- પિકઅપ સેવા માટે online વિનંતી કરીને અથવા
- ગ્રંથાલયમાં રૂબરૂ જઇને
- પુસ્તકો મૂળ સ્થિતિમાં જ પરત કરવાં પડશે.

---

## 6. ચાર્જ અને મોડાઈ

- ડીલીવરી ચાર્જ મીનીમમ ₹ ૫૦ તેમજ પુસ્તકના વજન મુજબ ( પોસ્ટના દર પ્રમાણે ) ચૂકવવાના રહેશે.
- **અતિદેય મોડાઈ :** પ્રતિ પુસ્તક પ્રતિ દિવસ ₹ ૫ રહેશે .
- પુસ્તક નુકશાન/ગુમાવવાથી પુસ્તકની બજાર કિંમત / નવું પુસ્તક આપવાનું રહેશે

---

## 7. સેવાની મર્યાદાઓ

- કેટલાક પુસ્તકો જેમ કે **સંદર્ભ પુસ્તકો, દુર્લભ પુસ્તકો અથવા કોપીરાઈટ લાગુ પડતા પુસ્તકો** ડિલિવરી માટે પાત્ર નહીં હોય.
- પુસ્તકની ઉપલબ્ધતા અથવા વપરાશકર્તાની પુસ્તક ઇસ્યુ / પરતના ઇતિહાસના આધારે ગ્રંથાલયને વિનંતી નકારવાનો અધિકાર રહેશે.
- પુસ્તક ડિલીવરીનો આખરી નિર્ણય ગ્રંથપાલનો રહેશે

---

## 8. વપરાશકર્તાની જવાબદારી

- પુસ્તકોને **સુરક્ષિત રીતે રાખવા** (પાણી, ખોરાક, પાલતુ પશુઓથી દૂર) માટે જવાબદારી વપરાશકર્તાની છે.
- પુસ્તકને વિલંબથી પહોંચડવાના કિસ્સામાં ગ્રંથાલયને **તાત્કાલિક જાણ** કરવાની રહેશે.
- ડિલિવરી કર્મચારીઓ સાથે **સન્માનપૂર્વક વ્યવહાર** રાખવો.

---

## 9. સેવા સુવિધાની સ્થગિતી

- નિયમિત ઉલ્લંઘન (જેમ કે વારંવાર મોડું પરત કરવું, પુસ્તકોને નુકશાન પહોંચાડવું વગેરે) થવાથી ડોરસ્ટેપ ડિલિવરી સુવિધા **આરંભમાં સ્થગિત કરવામાં આવશે અથવા કાયમ માટે બંધ** કરવામાં આવશે.